## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીને લઈ ૫૦ હજાર તુલસીના છોડનું વિતરણ કરવામાં આવશે.
- રાજ્યકક્ષાનો વન મહોત્સવ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના નિવાસસ્થાને યોજાશે.
- જિલ્લા ભાજપના નવ નિયુક્ત પ્રમુખના અભિવાદન સમારોહ હવે તાલુકા કક્ષાએ પણ યોજવામાં આવનાર છે.
- દહેગામ તાલુકામાંથી ૩ જેટલા બોગસ તબીબોને એસ.ઓ.જી.ની ટીમે પકડી પાડ્યા છે.
- શહેર ભાજપ દ્વારા શહેરના દરેક વોર્ડમાં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે.
- ગાંધીનગર કલેક્ટર કચેરીમાં એક મહિના પછી આજથી પુનઃ જનસેવા કેન્દ્ર કાર્યરત થશે.
- ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૨,૨૩,૬૨૦ લોકોને વેક્સિનેશનનો પ્રથમ ડોઝ અને ૮૫,૬૬૬ લોકોને બીજા ડોઝના વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે ૩૮૬૧ ૧૮+ યુવાઓને અને ૪૭૬ ૪૫+ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પારો બે દિવસ સુધી મહત્તમ ૩૬ ડિગ્રી સે. અને લઘુત્તમ ૨૬ ડિગ્રી સે. રહેવાની ધારણા છે.

## ગાંધીનગરને ફરી 'ગ્રીન સીટી' બનાવવા દરેકે એક વૃક્ષ વાવીને ઉછેરવું : વસાહત મહામંડળ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં તા. ૫ મી જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, મયુરભાઈ, ભાનુભાઈ દવે, પ્રદીપ સોલંકી તરફથી તમામ શહેરીજનોને દરેકે એક વૃક્ષ વાવવા તથા તેને જતનપૂર્વક ઉછેરવા અપીલ કરી છે. જેથી ગાંધીનગર ફરી રાષ્ટ્રનું ગ્રીનસીટી બની રહે. અત્રે ઉલ્લેખનીય છે કે એક સમયે ગાંધીનગર સમગ્ર એશિયા ખંડનું ગ્રીનેસ્ટ કેપિટલનો દરજ્જો ધરાવતું શહેર હતુ પરંતુ વિકાસ કાર્યો અંતર્ગત વૃક્ષોના નિકંદનને કારણે આ બિરૂદ પાટનગરે ગુમાવી દીધું છે જેથી ગાંધીનગરને ફરી 'ગ્રીનસીટી' બને તે શહેરના પ્રકૃતિપ્રેમી નાગરિકો ઈચ્છી રહ્યાં છે.

# શહેરના બસ ડેપોના આઉટગેટ પાસે વાહનની અડફેટે બસ ડ્રાઈવરનું મૃત્યુ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના એસટી ડેપો ખાતે ચા પીને પરત ફરતા ચંડોળા ડેપોના ડ્રાઈવરનું મૃત્યુ નિપજયું છે. આઉટ ગેટ પાસે અજાણ્યા વાહનની અડફેટે નીચે પટકાતા શરીરે ઈજા પહોંચી હતી. ડેપોના ડ્રાઈવર-કંડકટર સહિત નાગરીકો એકઠા થઈ જતા તાત્કાલીક ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્તને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયા સારવાર દરમિયાન ઈજાગ્રસ્તનું મૃત્યુ નિપજયુ હતું. ડ્રાઈવરના મૃત્યુની જાણ થતા ગાંધીનગર-ચંડોળા ડેપોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજ મેળવી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અરવલ્લી જિલ્લાના ટુનાદરના વતની અને અમદાવાદ અસારવા ખાતે રહેતા ૩૯ વર્ષિય જયપાલસિંહ કિરિટસિંહ ચૌહાણ પરિવાર સાથે રહે છે. ચંડોળા ડેપો ખાતે ડ્રાઈવર તરીકે જયપાલસિંહ ફરજ બજાવતા હતા. જયપાલસિંહ સવારે ચંડોળા ડેપોથી બસ લઈને શાસ્ત્રી સ્ટેડીયમ થી સચિવાલય ના કર્મચારીઓને લઈને આવતા હતા. ત્યારબાદ ગાંધીનગર થી આણંદ અને ત્યાંથી પરત ગાંધીનગર ૪ વાગે આવતા હતા. જયારે સાંજે પોઈન્ટની બસ લઈ ફરી પાછા શાસ્ત્રી સ્ટેડીયમ થઈ ચંડોળા ડેપો ખાતે ફરજ પુરી થતી હતી. જયારે સાંજના ૪ થી ૬ વાગ્યા સુધી તેઓનો રેસ્ટ ટાઈમ હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે મળતી માહિતી મુજબ જયપાલસિંહ રેસ્ટ ટાઈમ દરમિયાન આઉટગેટ સામે આવેલી ચા ની લારી પર ચા પીવા માટે ગયા હતા. ચા પીને તેઓ ડેપોમાં જઈ રહ્યા હતા તે સમયે અચાનક અજાણ્યા વાહનની ટકકર વાગતા તેઓ રોડ પર પટકાયા હતા. જયપાલસિંહને શરીરે છાતીના ભાગે ઈજા પહોંચતા ડ્રાઈવર-કંડકટરો ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. જયાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યું થયુ હતું. ત્યારે આઉટ ગેટ પાસે મૃતક ડ્રાઈવરને બસની ટક્કર વાગી કે અન્ય વાહનની તે હજુ ચોકક્સ જાણી શકાયુ નથી. પરંતુ સીસીટીવી ફુટેજ મેળવી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




વાંચ તો પેપર,... હવે મારે પેન્ટ કાઢવાનું છે કે આ ચડ્ડો જ પહેરીને ફરવાનું છે...!!

## સિવિલ હોસ્પિટલમાંથી સ્પ્લેન્ડર બાઈકની ચોરી

ગાંધીનગર,તા.૪

ગાંધીનગર શહેરમાં ફરીવાર બાઈક ચોર ટોળકીએ માથું ઉંચક્યું હોય તેમ લાગી રહ્યું છે. ચોર શખ્સો શહેરના ભીડભાડવાળા વિસ્તારમાંથી બાઈક ચોરીને પલવારમાં અદ્રશ્ય થઈ જાય છે. શહેરમાં બાઈક ચોરીના કિસ્સા વધતા પોલીસ પણ બાઈક ચોરને પકડી પાડવા માટે મથામણ કરી રહ્યા છે. ત્યારે સેકટર-૧૨ સિવિલ કેમ્પસ જુની કેન્ટીન પાસેથી બાઈકની ઉઠાંતરી થવા પામી છે.બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર-મહુડી માર્ગ પર ગ્રામભારતી પ્રિયંકા સોસાયટી ખાતે અક્ષય બેચરસિંહ રાઠોડ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પોતાનું બાઈક નં. જી.જે.૦૨. બી.કે. -૫૯૯૩ લઈને તા.૧ જુનના રોજ સાંજના સુમારે આવ્યા હતા અને જુની કેન્ટીન સામે પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. ત્યારબાદ તા.૨ ના રોજ બપોરના ૧૧ વાગ્યાના અરસામાં તેઓ ઘરે જવા માટે નીકળ્યા હતા તે સમયે જોયુ તો બાઈક સ્થળ પર ન હતું. પોતાની રીતે આસપાસની સોસાયટી અને વિસ્તારમાં તપાસ કરી હતી પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. આખરે અક્ષય રાઠોડે ફરીયાદ નોંધાવ્યા બાદ પોલીસે વાહન ચોર ટોળકીને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



### સે-૪-એમાં પાણીનો ફોર્સ ઓછો આવતો હોવાની રાવ

ગાંધીનગરના નવા સેકટરમાં કેટલાંક દિવસથી પાણીના ફોર્સ બાબતે સમસ્યાઓ ઉદભવી રહી છે. સેકટર-૫ પછી હવે સેકટર-૪-એમાં પ્લોટ નં. ૧ થી ૨૦૦ની સિરીઝ છે તે વિસ્તારમાં પાણીનો ફોર્સ ખૂબ ઓછો આવતો હોવાની રહીશો ફરિયાદ કરી રહ્યા છે. આ વિસ્તારના પૂર્વ સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાતને વસાહતીઓએ આ સમસ્યા અંગે રજુઆત કરતાં તેમણે આ સમસ્યા ઝડપથી ઉકેલવા સંલગ્ન વહીવટીતંત્રને અનુરોધ કર્યો છે.

## કોર્ટની ટકોર બાદ તપાસ અધિકારી બદલાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરની સેન્ટ ઝેવિયર્સ સ્કુલ પાસેથી ગત તા.૨૨ મે ના રોજ પોલીસે ઘાતક હથીયારો સાથે આવી પહોંચેલા અમદાવાદના ગેંગસ્ટર બસ્તીખાનની ટોળકીના ૬ સભ્યોને પકડી પાડ્યા હતા. આ પ્રકરણમાં કોર્ટ કેસ હીયરીંગ દરમિયાન જજ દ્વારા તપાસ અધિકારી અને ફરીયાદી એક જ હોવાના પગલે ટકોર કરવામાં આવી હતી.જેને પગલે અચાનક પોલીસે પીએસઆઈની જગ્યાએ પીઆઈને તપાસ સોંપી હતી. આ પ્રકારની ભુલ પોલીસથી ઉતાવળે થઈ કે ઈરાદાપૂર્વક તે વિષય ચર્ચાસ્પદ બન્યો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર કોર્ટમાં હથીયાર સાથે પકડાયેલા આરોપીઓનું હીયરીંગ ચાલી રહ્યું હતું. તે સમયે આ કેસમાં તપાસ અધિકારી તરીકે ગાંધીનગર ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ પી.ડી.વાઘેલા દ્વારા એફીડેવીટ કરવામાં આવ્યું હતું. જયારે ફરીયાદી તરીકે પણ પી.ડી.વાઘેલાને કામગીરી સોંપવામાં આવી હતી. આ બાબત જજના ધ્યાને આવતા સરકારી વકીલને આ અંગે સુચન કર્યું હતું. જજની ટકોર બાદ પોલીસ દ્વારા તપાસ અધિકારી તરીકે ક્રાઈમ બ્રાંચના પીઆઈ એચ.પી. ઝાલાને અધિકારી બનાવવામાં આવ્યા હતા. ત્યારે શહેરમાં ઘાતક હથીયારો સાથે ઝડપાયેલા આરોપીઓ પ્રકરણમાં એક જ ફરીયાદી અને તપાસ અધિકારી પણ એક જ હોવાને પગલે તપાસમાં ક્યાંક નુકશાન થઈ શકે તેવી આશંકા સેવાઈ રહી હતી.

## દહેગામ ખાતે છ કરોડના ખર્ચે નિર્માણ પામેલ નવીન બસ સ્ટેશનનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૪

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે રાજયના નાગરિકોની સલામત યાતાયાતની સૂવિધાઓ પુરી પાડી અદ્યતન પરિવહન સેવાઓ પૂરી પાડવા રાજય સરકારે મક્કમ નિર્ધાર કરીને સમયબધ્ધ આયોજન કર્યુ છે. પ્રવર્તમાન યુગમા ટેકનોલોજીના માધ્યમથી એસ.ટી.ની સુવિધાઓ સહિત નવીન બસો દ્વારા મુસાફરોને પરિવહન સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે જેનો મહત્તમ ઉપયોગ નાગરિકો કરી રહ્યા છે.

આજે દહેગામ ખાતે રૂપિયા ૬ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલા એસ.ટી. બસ સ્ટેશનનુ લોકાર્પણ કરતા નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજયમાં એસ.ટી. બસની સુવિધા રાજયના મોટા ભાગના નાગરિકોના રોંજિદા જીવનમા ઉપયોગ કરી રહ્યા છે. દહેગામ બસ સ્ટેશન ખાતેથી દરરોજ અંદાજીત ૧૦ હજાર કરતા વધુ નાગરિકો પોતાના કામ અર્થે આવન-જવાન કરે છે.



આજરોજ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે રાજયના વિવિધ જિલ્લામાં રૂપિયા ૨,૮૧૯ લાખથી વધુના ખર્ચે તૈયાર થયેલા ૯ બસ સ્ટેશન-વર્કશોપનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ રૂપિયા ૪૩૭૨ લાખથી વધુના ખર્ચે નિર્માણ પામનાર અદ્યતન સુવિધાવાળા ૫ બસ સ્ટેશન-વર્ક શોપનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. દહેગામ ખાતે નિર્માણ પામેલા બસ સ્ટેશનનુ લોકાર્પણ રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ધંધા- રોજગાર, સામાજિક અને અન્ય પ્રસંગોમાં એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે આજે રાજયના મોટા ભાગના નાગરિકો એસ.ટી. બસ સુવિધાનો લાભ લે છે. રાજયમાં નિયમિત ૨૫ લાખ જેટલા લોકો બસ પરિવહનની સુવિધાનો ઉપયોગ કરે છે. આટલી મોટી સંખ્યામાં રાજયના નાગરિકો બસ સુવિધાનો ઉપયોગ કરતા હોવાથી તેમને ઉત્તમ પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા અદ્યતન સુવિધા સજ્જ બસ સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.


# વિશ્વ પર્યાવરણ દિવસ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

Ecosystem Restoration

૫ જૂન, ૨૦૨૧

આપણા માટે, આપણી આવનારી પેઢી માટે
પ્રકૃતિનું જતન
એ આપણી જવાબદારી




**કોરોનાની મહામારીએ આપણને પરોક્ષ રીતે ઓક્સિજનનું મહત્વ સમજાવ્યું છે.**

આ શીખ લઈ આપણે વૃક્ષોનું મહત્વ સમજીએ અને બાળકોને પણ સમજાવીએ. જળ, જમીન અને હવાનું પ્રદૂષણ ફેલાતું અટકાવવા સંકલ્પબદ્ધ થઈએ.



**તાઉતે વાવાઝોડાથી રાજ્યમાં ધરાશાયી થયેલ વૃક્ષોની સામે પર્યાવરણના દિવસે તેના કરતા બમણાં વૃક્ષો ઉછેરવાનો સંકલ્પ કરીએ.**



## ૫ જૂને યોજાનારા જાહેર કાર્યક્રમ

- મહાનગરોમાં વાવાઝોડાના કારણે પડી ગયેલા વૃક્ષોની જગ્યાએ જ ફરીથી વૃક્ષારોપણનો કાર્યક્રમ
- ડૉક્ટર્સ, નર્સ અને સફાઈ કામદારો (કોરોના વૉરિયર્સ)ના હસ્તે કોવિડ હોસ્પિટલમાં વૃક્ષારોપણ કરવામાં આવશે
- ૨૧ લાખ તુલસીના રોપાઓનું શહેરો અને ઔદ્યોગિક એકમોમાં વિતરણનો શુભારંભ
- મહાનગરોમાં, જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અને ઔદ્યોગિક એકમોમાં જાગૃતિના કાર્યક્રમ યોજાશે

## વન વિભાગની સિદ્ધિઓ

૧) છેલ્લા બે વર્ષમાં રાજ્યના વન વિસ્તાર (ફોરેસ્ટ કવર)માં ૧૦૦ ચો.કિ.મી. નો વધારો
૨) દરિયા કિનારાના રક્ષક એવા ચેરના વનોમાં સતત વધારો ધરાવતું એક માત્ર રાજ્ય ગુજરાત
૩) એશિયાઈ સિંહોની વસ્તીમાં પાંચ વર્ષમાં ૨૯%ના વધારા સાથે સિંહોની કુલ સંખ્યા ૬૭૪



**આવો, આપણે સાથે મળીને પર્યાવરણનું જતન કરીએ**
**– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

N

વન વિભાગ, ગુજરાત રાજ્ય